
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પુસ્તક ૫૫
અંક ૭

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

વૈશાખ
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧. | સુભાષિત | ('કુમાર'માંથી) | ૯૭ |
| ૨. | ભગ્નમૂર્તિ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૯૮ |
| ૩. | સુભાષિતરત્નમંજૂષા | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૦૦ |
| ૪. | શત્રુઓને કામે લગાડો | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૦૧ |
| ૫. | આભ્યંતર શાન્તિ | (અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૦૪ |
| ૬. | ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ–સ્તોત્રો | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા M. A.) | ૧૦૭ |
| ૭. | તેજદ્વેષ | (મગનલાલ ડી. શાહ) | ૧૧૨ |
| ૮. | સ્વીકાર | | ટા. પે. ૨ |


# સ્વીકાર

**૧. પર્યુષણાષ્ટાહ્નિકાવ્યાખ્યાન (ભાષાંતર) પ્રતાકાર**—ભાષાંતરકાર શ્રી મૂળચંદજી મહારાજશ્રીના શિષ્ય શ્રી ગુલાબવિજયજીના શિષ્ય વયોવૃદ્ધ મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજ. પ્રકાશક–શા હીરાચંદ હરગોવન કાપડિયા–ભાવનગર. પ્રતાકાર પૃષ્ઠ ૬૮.

પર્વાધિરાજના પવિત્ર દિવસોમાં શરૂઆતના ત્રણ દિવસ આ વ્યાખ્યાન વાંચવામાં આવે છે. ભાષાંતર સાથે હોવાથી નૂતન દીક્ષિત સાધુને તેમજ શ્રાવકવર્ગને વાંચવામાં સુગમ પડે છે. આ પ્રતની પ્રગટ થયેલી આવૃત્તિ ત્રીજી તે જ તેની ઉપયોગિતાની નિશાની છે. મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજ આવા લોકોપયોગી પ્રકાશનો અવારનવાર પ્રસિદ્ધ કરી સારી સાહિત્યસેવા બજાવી રહ્યા છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**૨. શંખેશ્વર સ્તવનાવલિ**—સંગ્રાહક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર. પૃષ્ઠ ૧૨૨. મૂલ્ય બાર આના.

આ જ ગ્રંથમાળા તરફથી શંખેશ્વર મહાતીર્થનું સુંદર પુસ્તક પ્રસિદ્ધ થયેલ. ઐતિહાસિક હકીકતો, શિલાલેખો તથા પ્રાચીન સ્તવનાદિથી તે ગ્રંથ અલંકૃત હતો. તે જ પુસ્તકમાંથી કેટલાક પ્રાચીન સ્તવનાદિ તેમજ બીજી પણ અપ્રકટ સ્તવનો વિગેરેનો આ પુસ્તિકામાં સંગ્રહ કરવામાં આવ્યો છે. શ્રી શંખેશ્વરજી તીર્થપરત્વે જનસમૂહનો સારા પ્રમાણમાં આદર વધતો આવે છે તેવા પ્રસંગે ભક્તવર્ગ માટે આ પ્રકાશન આવકારદાયક છે.

**૩. શ્રી ઘોઘાતીર્થ**—લેખક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર. પૃષ્ઠ ૩૨, કીંમત છ આના

પ્રાચીન તીર્થોના ભૂલાઈ જતા ઈતિહાસનું સંશોધન–પરિમાર્જન કરી તેને પુસ્તકાકારે જનતા સમક્ષ રજૂ કરવાનું આ ગ્રંથમાળા સારું કામ કરી રહી છે. આ પૂર્વે પાંચ-છ જૈન તીર્થોની માહિતી આપતી પુસ્તિકાઓ બહાર પાડવા પછી આ પુસ્તિકામાં પણ શ્રી નવખંડા પાર્શ્વનાથના આ પ્રાચીન તીર્થની માહિતી, ઐતિહાસિક હકીકત તથા શિલાલેખો આપી જરૂરી હકીકત દર્શાવવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ વૈશાખ [ અંક ૭

## સુભાષિત

पूर्वजन्मकृतं कर्म तद्दैवमिति कथ्यते ।
तस्मात्पुरुषकारेण, यत्नं कुर्यादतन्द्रितः ॥

પૂર્વજન્મે કર્યું કર્મ, એ જ દૈવ ગણાય છે;
પ્રયત્ન પુરુષાર્થીએ, સતત કરવા ઘટે.

દૈવ મિથ્યા થતું નથી; આપણે ગમે તેટલાં ફાંફાં મારીએ પણ પ્રારબ્ધમાં લખ્યું હોય તે જ થાય એવી કપાળે હાથ દઈને બેસવાની નિરાશાભરી ને નિષ્ક્રિય વૃત્તિ આપણા મોટા ભાગના લોકોમાં જોવામાં આવે છે; પણ એ તો આપણી પૂર્વજન્મની ફિલસુફીનો અધૂરો અને અવળો અર્થ છે. સુભાષિતકાર આપણને સમજાવે છે કે 'દૈવ' અથવા 'પ્રારબ્ધ' એ બીજું કશું નહિ પણ આપણે પોતે જ પૂર્વજન્મમાં કરેલાં કર્મનું ફળ છે. એ સૂત્રને વધારે વિશદ કરીને સમજીએ તો પૂર્વજન્મ એટલે વર્તમાનના જન્મ પહેલાંનો સર્વ ભૂતકાળ; આ ચાલુ જીવન પહેલાંનો જન્મ તે જ પૂર્વજન્મ એમ નહિ, પરંતુ આ જીવનમાં પણ ક્ષણે ક્ષણે વર્તમાન વહી જઈને જે ભૂતકાળ બને છે તે પણ પૂર્વજન્મ જ છે. જીવન તો સદાને માટે સંયુક્ત અને શાશ્વત છે. કાળમાં કોઈ વચ્ચે દિવાલો ભરીને ખંડ કે વિભાગ પાડી શકાતા નથી. એટલે વર્તમાન જીવનની પણ જે ક્ષણો વહી જાય છે તે સમસ્ત વર્તમાનમાં પણ આપણે સતત કાર્યરત રહેવું ઘટે, તો જ તે ભૂતકાળનું 'દૈવ' બનીને ભવિષ્યનું ભાતું બનવાનું છે. વસ્તુતઃ દૈવ એ આપણા પુરુષાર્થનું ફળ છે અને એ સંતત કાર્ય કરતા રહેવાથી 'દૈવ' અને 'પ્રારબ્ધ'નો પુંજ વધતો જ રહેવાનો છે. આજનું કાર્ય એ જ આપણો આવતી કાલનો ભોગવટો છે.

**'કુમાર' માંથી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગ્નમૂર્તિ

(દુહા)

(વસ્તુ ખંડિત થતાં તેનું ગૌરવ હણાય છે.)

ભગ્નમૂર્તિ દીઠી મને, ખંડ ખંડ સહુ અંગ;
ભંગ અંગ અંગોતણો, છૂટા થયા પ્રત્યંગ. ૧

અખંડ મૂર્તિ એ હતી, ખોયી ગઇ અનેક;
હાથ યુગલ નત મસ્તકે, સ્તુતિ ઉચારે લોક. ૨

પંચાંગે પ્રણિપાતને, કરતા થતો પ્રમોદ;
એ મૂર્તિ આપી ગઇ, જન મનને બહુ બોધ. ૩

વૈભવ સહુ એ આથમ્યું, ભગ્ન થતાં સહુ અંગ;
સ્મરણ તેહનું જાગતું, રહ્યું ચિત્તમાં ચંગ. ૪

મુદ્રા જે શમ બોધતી, મ્લાન થઈ તે આજ;
આંખથકી અમૃત ઝરે, તે પણ થઈ નિસ્તેજ. ૫

અનેક જન પૂજા કરી, ગંધ ધૂપ ને દીપ;
નિર્જીવ તે સહુ થઇ ગઇ, ભગ્નપણાથી દેખ. ૬

પ્રાણવાયુ નિકળી જતા, શૂન્યાકાર જણાય;
સાધો કાર્ય નિજાત્મનું, જ્યાંલગી પ્રાણ ન જાય. ૭

દેવ સરીખા દેવને, પૂજે જ્યાં લગી પ્રાણ;
આત્મજયોત ઓલવાતા, તજે સહુ તસ આણ. ૮

કંપિત મન કવિનું થયું, આંસુડા છલકાય;
દૈવ ન છોડે કોઇને, ન્યાય કર્મના થાય. ૯

વૈભવ ધન જાતા જગે, માનહાનિ બહુ થાય;
શબ્દ ઝીલતા જે જનો, ઉફરાટા થઇ જાય. ૧૦

મુખ મરડે ધરી તુચ્છતા નિંદા કરતા લોક;
વાતો અવળી સહુ કરે, મળતા લોક અનેક. ૧૧

રાચો નહીં વૈભવથકી, ફૂલાવું નહીં ખાસ;
દુઃખ સમયે રડવું નહીં. કર્મતણા જ વિલાસ. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ રોષ બેઉ સમ ગણો, કર્યા કર્મના ખેલ;
સમવૃત્તિ મનમાં ધરો, ટાળી મનનો મેલ. ૧૩

આજે જે વખણાય છે, કાલે એ નિંદાય;
મુનિજન સમતા ધારતા, પ્રસંગ સરીખા થાય. ૧૪

ઉન્નતિ અવનતિ કર્મથી, નવ નવ રંગ અનેક;
ધીરજથી સમતા વરો, કર્મ ચમત્કૃતિ છેક. ૧૫

ભગ્ન થતા સ્થિતિ પાલટે, સંધ્યા રાગ સમાન;
ગણવી નહીં હાનિ કદી, કર્મભોગ મન જાણ. ૧૬

પલટાતા સ્થિતિ પ્રસ્તુતા, નવ શુભ મંગલ થાય;
બાલેન્દુ સમતા વરે, દુઃખ જેથી સહુ જાય. ૧૭

'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

अयि बत गुरुगर्वं मास्म कस्तूरि यासी-
रखिलपरिमलानां मौलिना सौरभेण ।
गिरिगहनगुहायां लीनमत्यंतदीनम्
स्वजनकमसुनैव प्राणहीनं करोषि ॥

( માલિની )

સકલ પરિમલોમાં શ્રેષ્ઠ સોગંધી તારી,
નિરખી ધર ન તું હે કસ્તુરિ ગર્વ ભારી;
ગિરિ વિપિન ગુહામાં રે' સદા દીનભાવે,
તદપિ નિજ પિતાનો ઘાત તું તો કરાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुभाषितरत्नमंजूषा

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

**उद्यमं साहस धैर्यं, बुद्धिशक्तिपराक्रमाः ।**
**षडेते यत्र विद्यंते, तत्र शंकते देवताः ॥ १ ॥**

" ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ એ છ ગુણો જેનામાં હોય તેનાથી દૈવ પણ શંકાને પામે છે, અર્થાત્ દૈવ તેને કાંઇ પણ હાનિ કરી શકતો નથી."

આ છએ ગુણ કોઇ ઉત્તમ પુરુષમાં જ હોય છે. અને જેનામાં હોય છે તેનાથી દૈવ પણ શંકા પામે એમાં આશ્ચર્ય નથી, કારણ કે પૂરેપૂરા ભાગ્યવાન-પુણ્યવાનમાં જ એ છ ગુણો હોય છે. તેને દૈવ-વિધાતા અનુકૂળ જ હોય છે. એ છ ગુણનું કાંઇક વિવરણ કરીએ.

(૧) પ્રથમ **ઉદ્યમ** એટલે જેનામાં પ્રમાદ હોય જ નહીં. સતત ઉદ્યમી હોય, જે કાર્ય કરવાનું ધારે તે પાર ઉતારે ત્યારે જ તેને નિવૃત્તિ (શાંતિ) થાય.

(૨) બીજું **સાહસ**-કોઈ પણ સત્કાર્ય કરવા ધારે તે સાહસિકપણે કરે, ડરતો ડરતો ન કરે. તેના મનમાં નિરધાર જ હોય કે આ કાર્ય હું પાર પાડીશ જ-તે પાર પાડ્યે જ છૂટકો.

(૩) ત્રીજું **ધૈર્ય**-એટલે જે કાર્ય કરે તે ધીરજથી-શાંતિથી વિચાર કરીને પરિણામ પર્યંતદૃષ્ટિ પહોંચાડીને કરે, જે કરે તે ઉતાવળે ન કરે એટલે તેને કાર્યસિદ્ધિમાં સ્ખલના ન થાય.

(૪) ચોથું **બુદ્ધિમાન્** હોય એટલે દરેક કાર્યના કર્તવ્યનો વિચાર કરી શકે. શાસ્ત્રકાર કહે છે કે-જેનામાં બુદ્ધિ છે તે જ બળવાન છે. નિર્બુદ્ધિમાં બળ હોય તો પણ નકામું છે. જુઓ મદોન્મત્ત એવા સિંહને પણ સસલાએ બુદ્ધિ વાપરીને કૂવામાં નાંખી દીધો. આ દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.


(૫) પાંચમો ગુણ **શક્તિવાન્** હોય. નિર્બળ ન હોય તે જ ધાર્યું કરી શકે. મનની ને તનની બંને પ્રકારની જેનામાં શક્તિ હોય તે જ સ્વેપ્સિત કાર્ય કરી શકે છે. શક્તિ વિનાનો મનુષ્ય કોઇ કાર્ય કરી શકતો નથી.

(૬) છઠ્ઠો ગુણ **પરાક્રમ**-પરાક્રમી મનુષ્ય કાર્યમાં વિઘ્ન કરનાર અન્યનું આક્રમણ કરી શકે છે-તેને અટકાવી શકે છે. પરાક્રમ તો મહાન્ સદ્‌ગુણ છે.

આ છએ ગુણ એક બીજાથી ચઢીયાતા કહીએ તેવા છે, તેવા ગુણ મેળવવા અને તેને ખીલવવાં દરેક ગુણ જ્યારે ખીલે છે ત્યારે તેને ખીલવવાનો ને જાળવી રાખવાનો પ્રયાસ જરૂર કરવો. આ દરેક ગુણ માટે જેટલું વર્ણન કરવું હોય તેટલું થઇ શકે, પરંતુ સંક્ષેપરુચિ જીવોને માટે આટલી વ્યાખ્યા જ જરૂરની માનવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શત્રુઓને કામે લગાડો !

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

જગતમાં આપણા મિત્રો હોય છે તેમ કેટલાએક આપણા શત્રુઓ પણ હોય છે. તેમાંના સાચા મિત્રો કોણ અને સાચા શત્રુઓ કોણ એ સાચી રીતે ઓળખી શકતા નથી. કેટલાએક મિત્રો ગણાતા માનવીઓ પોતાના સ્વાર્થ માટેજ આપણા મિત્ર બનેલા હોય છે. તેમ જેમને આપણે શત્રુ ગણતા હોઈએ તે આપણા સાચા હિતસ્વી છતાં આપણે તેમને ઓળખી શકતા નથી. ગેરસમજુતી અગર પૂર્વગ્રહને લીધે આપણે તેમનું સાચું સ્વરૂપ પારખી શકવાની સ્થિતિમાં હોતા નથી. એને લીધે આપણે ઘણી વખત પોતાનું હિત ગુમાવી બેસીએ છીએ. અને આપણે માની લીધેલા મિત્રો પોતાનો સ્વાર્થ સધાતા આપણી સામે થઈ બેસે છે.

જગતના વ્યવહારમાં આમ બને છે તેમજ ધાર્મિક જીવનમાં પણ એવા જ ઘટના નિત્ય બને જાય છે. અમુક ખાદ્ય પદાર્થો આપણને ઘણા ભાવે છે. અને તે વારંવાર આપણે ખાધા કરીએ છીએ. એટલે એ પદાર્થોને આપણે આપણા મિત્ર ગણીએ છીએ. પણ પરિણામે એજ પદાર્થો આપણા શરીરમાં અનેક રોગો પેદા કરે છે. અનેક દિવસો સુધી આપણને પથારીવશ કરી મૂકે છે, એટલું જ નહીં પણ કદાચિત એ પદાર્થો અસાધ્ય રોગ પેદા કરી અંતે જીવલેણ પણ નીવડે છે. આપણને અમુક પદાર્થોનો ત્યાગ બતાવવામાં આવે, અગર ઊણોદરી તપ બતાવવામાં આવે કે આયંબિલ, એકાસણા જેવું નાનું સરખું પણ તપ બતાવવામાં આવે ત્યારે તે આપણને ગમતું નથી. એ કરવું શત્રુ જેવું ભાસે છે. પણ વાસ્તવિક જોતા એવા વ્રતો કરવાથી આહારની સમતુલા જળવાઈ રહે છે. અને આપણા શરીરમાંથી રોગાણુઓ અનાયાસે નષ્ટ થઈ આપણું આરોગ્ય સુધરે છે. અને એવી રીતે આપણા સાચા મિત્રનું કાર્ય એ કરે છે. એનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. અને સાચા મિત્રને જ આપણે શત્રુ ગણી બેસીએ છીએ.

મનુષ્ય તરીકે આપણને પાંચ ઇંદ્રિયો મળી છે. તે ઇંદ્રિયો આપણું દરેક કામ કરે છે. ત્યારે એ પાંચે ઇંદ્રિયો આપણા સેવકની ગરજ સારે છે. આપણે સાંભળવું ગમે તે તરફ આપણા મનને દોરે છે. કઠોર અને કર્કશ શબ્દો આપણા કાન ઉપર અથડાતા આપણને એ સાવધાન કરે છે દુર્ગંધની જાણ આપણને કરી આપી સુગંધ તરફ આપણને વાળે છે. કટુ કે તીખા, વગર સ્વાદના કે અતિરિક્ત સ્વાદવાળા પદાર્થોથી દૂર રહેવા આપણને ચેતવણી આપી સ્વાદુ, સ્નિગ્ધ કે મિષ્ટ પદાર્થ તરફ આપણી રુચિ ફેરવે છે. મૃદુ સ્પર્શ તરફ આપણને આકર્ષી કઠોર સ્પર્શથી દૂર રહેવા આપણને જાગૃતિ આપે છે. મતલબ કે પાંચે ઇંદ્રિયો પોતપોતાના કાર્યો સુસંવાદી રીતે સતત કર્યે જાય છે. એમાં એ જરા પણ ભૂલ કરતી નથી. રાજ્યમાં જેમ પોલીસ હોય અને એને ભળાવેલું કાર્ય એ પોતાનો સ્વતંત્ર વિચાર બાજુ ઉપર રાખી ઉપરીએ બતાવેલ કાર્ય આજ્ઞા મુજબ કરતો જાય અને શસ્ત્રનો ઘા જેના ઉપર કરવાની આજ્ઞા મળેલી હોય તેના ઉપર કરે. ચોરને પકડવો હોય ત્યારે પોલીસ એ માણસ કોણ છે ?

For Private And Personal Use Only

કોનો સગો છે ? કે એનો ફરજ્જો શું છે એનો વિચાર બાજુ ઉપર મૂકી તેને પકડી ન્યાયાસન સામે હાજર કરે. ઇંદ્રિયોનું કાર્ય કેટલેક અંશે એવું જ છે. એને તો સ્વતંત્ર વિચાર કરી સાર કે અસાર કાર્ય પારખી જોવાની છૂટ જ નથી. એ વિવેક કરવાનું સાચું કાર્ય આત્માનું છે પણ આત્મા પોતે શરીરનો રાજા છતાં અને નિગ્રહાનુગ્રહ કરવાનું કાર્ય એનું પોતાનું છતાં એણે પોતે આરામ જ લેવાનું પસંદ કરેલું છે. અને પોતાનું બધું કાર્ય કરવાનું મંત્રીને સોંપી દીધેલું છે. અને પોતે આળસુ થઇ બેઠેલો છે. એ મંત્રી જો જ્ઞાની, સુવિધ અને માલેકનો સાચો હિતસ્વી હોય તો અનેક પ્રસંગે એ સાચા મિત્રનું કાર્ય કરે. પણ એ નીચ, સ્વાર્થી, હલકા વિચારવાળો હશે તો એ માલેકના શત્રુનું જ કાર્ય કરે. આત્માએ પોતાનું હિત કરે એવો મંત્રી ચુંટવો જોઇએ. પણ આત્મા એવો મંત્રી ચુંટતો નથી. પણ મનસ્વી અને માલેકના હિતના વિરુદ્ધ જ વર્તન રાખવાની આજ્ઞા ઇંદ્રિયોને આપે જાય છે. અને પરિણામે આત્મા ફસાઇ અનેક આપત્તિઓનો ભોગ બને છે. એવો મંત્રી આત્માએ ચુંટેલો હોય છે અને એ મંત્રી છે ' મન '.

મન એ આત્માનો મંત્રી હોવાને લીધે એ પોતાની ઇચ્છા મુજબ આત્માનો કાર્યભાર વહન કરે છે. મન જો સત્પ્રવૃત્ત હોય તો તે પોતાના તાબે સારા અને આત્માનું સાચું હિત સાધે એવા કાર્યકરો નીમી આત્માનું હિત સાધે છે. પણ ઘણા ભાગે એમ બનતું નથી. મન ઘણા ભાગે ચંચલતા ધારણ કરે છે. અને પોતાને અનુકૂલ એવા કામ, ક્રોધ, લોભ, અહંકાર વિગેરે કાર્યકરો નીમે છે. અને ઇંદ્રિયો પાસે અઘટિત કામો કરાવે જાય છે. ઇંદ્રિયોની શક્તિનો ઉપયોગ આત્માને ઉપયોગી અને પોષક કાર્યોમાં નહીં કરતા તેના પતન તરફ જ કરે છે. આત્મા જો પોતે જાગૃત હોય તો તે એવા અણઆવડતવાળા મનરૂપી મંત્રીને તરત જ દૂર કરી તેને શિક્ષા આપે છે. અને તેની જગ્યે બુદ્ધિના સાચી સલાહ મેળવી ઊંચા વિચારના અંતર્મનની નિમણુક કરે છે. પણ આવો બનાવ કોઇક જ આત્માના સંબંધમાં બને છે. ઘણા ભાગે બાહ્ય કે દ્રવ્યમન જ પોતાની હુકમત ચલાવે જાય છે. અને આત્માને ચક્રાવામાં પાડે છે. અને એને અનેક ભ્રમણોમાં પાડે છે. અને એવો તો પ્રકાર કરી નાખે છે કે, એ વ્યૂહમાંથી આત્માનો છૂટકારો અશક્ય જેવો બની બેસે છે.

આત્માને એવા નાલાયક મંત્રીથી છૂટકારો મેળવવો જ હોય, અને પોતાનું રાજ્ય સુખરૂપ રીતે ચલાવવું જ હોય તો તે મનરૂપી મંત્રી ઉપર પોતે જ દેખરેખ રાખવી પડશે. અને એ મનનો નિગ્રહ કરવો પડશે. બુદ્ધિની સત્તા વાપરી વિવેકની એ મન-મંત્રી ઉપર દેખરેખ રાખી તેને સીધો કરવો પડશે. પણ મન એવો મંત્રી છે કે, તેને જરા પણ વિસામો ગમતો નથી. એ હમેશ કોઇ ને કોઇ કામમાં જોડાઈ રહેવા માગે છે. એને નવરાશ ગમતી જ નથી. જ્યારે એને કોઇ ઉપયોગી અને સારા કાર્યની સૂઝ પડતી નથી, ત્યારે તે પોતાના સેવકો એટલે ઇંદ્રિયોદ્વારા અનેક ઉથલપાથલ કર્યા કરે છે. જેમ એને સ્થિરતા ગમતી નથી તેમ તે ઇંદ્રિયોને પણ વિસામો લેવા દેતું નથી. કદાચિત્ આત્માએ ઇંદ્રિયોને સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો તો એ અનેક કથનમંથન કરે છે અને અનેક નવી નવી યોજનાઓ ઘડવામાં વળગી જાય છે. અને જરા જેવો અવકાશ મળતાં ઇંદ્રિયોને ઉશ્કેરી મૂકે છે અને નહીં કરવાના કાર્યો એ ઇંદ્રિયોદ્વારા કરાવે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનરૂપી આત્માના મંત્રીને કોઇ ને કોઇ જાતના કામમાં રોકી રાખવું. જેથી એ અઘટિત એવા આત્માના અહિતનું કાર્ય ન કરે. હવે આમ જ કરવું હોય ત્યારે મનદ્વારા ઇંદ્રિયોનો નિગ્રહ શી રીતે બને અને આત્માને અનુકૂલ વર્તન એ શી રીતે કરે ? એનો આપણે વિચાર કરવો જોઇએ.

આંખને સુંદર અને મનોહર દેખાવો જોવા ગમે છે. અને એને લીધે મનુષ્ય નાટક, સિનેમા કે એવા ઉત્તેજક દશ્યો જોવા લલચાય છે. પ્રવાસે ફરી અનેક દશ્યો નજરે નિહાળે છે. અને એ રીતે મનને તૃપ્ત કરવા મથે છે, એ જ આંખને પોતાનો વિષય તૃપ્ત

કરવા માટે તીર્થભૂમિઓમાં રહેલા કલાપૂર્ણ અને લક્ષ્યંગમ દશ્યો બતાવી સાથેસાથે પ્રભુદર્શન પ્રકટાવવામાં આવે તો અનાયાસે આંખની તૃપ્તિ થઇ શકે. એટલે જે આંખ નાટક કે એવા દેખાવ જોઇ વિકૃતિ ભોગવતી હતી, અને ખોટી રીતે સમાધાન માનતી હતી તે જ આંખને તેનો વિષય નહીં બદલાતા શુભ કામે લગાડવાથી આત્માને લાભકારક એવો માર્ગ શોધી શકાય છે. એ ઉપરથી સ્પષ્ટ દેખાય છે. કામ કરનાર પાસેથી કામ શી રીતે કરાવવું એમાં ચતુરાઇ વાપરવાની જરૂર છે. એ આત્માની પોતાની સત્તાનો વિષય છે. નાલાયક મંત્રીને કામ સોંપી પોતાનું કામ બગાડવું અને બગાડયા પછી તેના માટે પશ્ચાત્તાપ કરવો એ મૂર્ખાઇ નહીં તો બીજું શું હોઇ શકે ?

જેમ આંખનો વિષય શૃંગારપૂર્ણ મનોહર વસ્તુ જોવાનો અને સમાધાન માનવાનો છે, તેમ કાનનો વિષય કર્ણમધુર ગાયન કે સંગીત સાંભળવાનો છે. જીભનો વિષય રસાસ્વાદ લેવાનો છે. અને નાકનો વિષય સુરભિ કે દુર્ગંધ સુંઘવાનો છે. એ બધા ઇંદ્રિયોના વિષયોને જો તૃપ્ત કરવાના માર્ગમાં ફકત ફેરફાર કરવાથી જે ઇંદ્રિયો આત્માને અવળે માર્ગે દોરી પાપ કરાવે છે, તે જ ઇંદ્રિયો આત્માને સીધા અને સરળ માર્ગે દોરી શકે છે. જે ઇંદ્રિયો શત્રુ તરીકે કામ કરતી હતી તે જ ઇંદ્રિયોને પ્રમાણબદ્ધ રીતે કાબૂમાં રાખી તેમના પાસે કામ કરાવવામાં આવે તો તે જ ઇંદ્રિયો મિત્રનું પણ કાર્ય કરી શકે એ સ્પષ્ટ છે.

આંખને બાહ્ય સૌંદર્ય કરતાં અંતરંગ સુંદરતા બતાવી બાહ્ય સૌંદર્યનું ક્ષણભંગુરપણું બતાવવાની ટેવ પાડવામાં આવે, કાનને પ્રભુગુણવર્ણન કરનારું અને આત્મવિકાસનું મનોરમ સંગીત સંભળાવવામાં આવે, નાકને પ્રભુપૂજનના ગંધમાલ્યનું દાન કરવામાં આવે, જીભને ફકત રસાસ્વાદનો મોહ છોડાવી આત્માને ગુણ આપે એટલો અને એવો જ ખોરાક આપી તૃપ્તિ પામવાની ટેવ પાડવામાં આવે, તો જે ઇંદ્રિયો મનની દોરવણી મુજબ યથેચ્છ દોડી આત્માને નુકસાન કરે છે, તે જ ઇંદ્રિયો સીધે માર્ગે ચાલી આત્માને સાચે માર્ગે સંચાર કરાવે એમાં શંકા નથી. એટલા માટે જ અમો કહીએ છીએ કે, આપણે ઇંદ્રિયોને શત્રુ મટાડી સાચા મિત્ર બનાવી યોગ્ય માર્ગે એને વાળીએ જેથી ઇંદ્રિયો આપણા માલેક નહીં બનતા નોકર તરીકે આપણે તાબે રહી આપણું કામ કરતા રહેશે.

પ્રથમ દર્શને આ કેમ બને અને ચંચલ મનને તાબે શી રીતે રખાય એ પ્રશ્ન ખૂંચે તેવો લાગે. અશકય જેવો લાગે, પણ જગતમાં અશકય જેવું કાંઇ નથી. આત્મા અનંત શકિતનો ધણી છે. એની શકિતની હજુ આપણને ખબર જ નથી. એ ભૂલવું નહીં જોઇએ. એ શકિત જેમ જેમ વિકસિત થતી જાય છે તેમ તેમ તે વધુ ને વધુ કાર્યક્ષમ થતી જ જાય છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. ઘણા ચોર, લુંટારુ, વ્યસની આત્માએ મહાન સંત થએલા આપણે જોયા છે, તેમ ઘણા વર્ષો સુધી તપ, જપ, સંયમ પાળનારાઓ છેક છેલ્લે પગથિએ ગબડી પડેલા પણ આપણે જોઇએ છીએ. માટે નિરાશ થવાની બીલકુલ જરૂર નથી. સીધા જ ટટાર ઉભા થાઓ, અને મન ને ઇંદ્રિયો ઉપર પોતાનો કાબૂ જમાવો અને ક્ષણવારમાં એ સીધા થઇ જશે એ ધ્યાનમાં રાખો. બધાને એ સાચો માર્ગ સાંપડે એ જ અભ્યર્થના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આભ્યંતર શાંતિ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

મનુષ્ય જીવનમાં શાંતિ એક અમૂલ્ય વસ્તુ છે. શાંતિ એ સ્થાનમાં દૃષ્ટિગોચર થાય છે કે જ્યાં સ્વાધીન, સ્વાવલમ્બનશીલ અને સચ્ચારિત્ર્યવાન મનુષ્યોનો નિવાસ હોય છે. દૃઢ પ્રતિજ્ઞા, ઉદ્દેશની સ્થિરતા, આત્મનિર્ભરતા અને આત્મબળને શાંતિ કહેવામાં આવે છે. શાંતિનો એ અર્થ નથી કે માણસ કેવળ આળસુ, નિરુદ્યમી અને સાહસહીન સ્થિતિમાં બેસી રહેવું. એ તો મૃત્યુની નિશાની છે. કારણ કે એ અવસ્થામાં તમામ શક્તિઓ નિષ્ક્રિય બની જાય છે અને જીવન તદ્દન નિરસ બની જાય છે. જેને શાંતિ પ્રાપ્ત થયેલ હોય છે તેનું જીવન તો સદા સરસ અને આનંદમય હોય છે.

જે મનુષ્ય માત્ર દૈવ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહે છે તેને કદિ પણ શાંતિ મળી શકતી નથી. આવો મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિથી લેશ પણ આગળ વધતો નથી અને ભવિષ્યની કોઈ પણ પ્રકારની ચિંતા કરતો નથી. આવો મનુષ્ય કાયર અને પુરુષાર્થહીન બની જાય છે. એના મુખમાં કોઇ ખાદ્ય પદાર્થ નાખી જાય છે તો તે ભોજન કરે છે, નહિ તો તે આળસુ સ્થિતિમાં પડ્યો રહે છે. તે પોતે કશું કામ કરવા શ્રમ લેતો નથી. આવા માણસની દશા નાવિક વગરના વહાણ જેવી હોય છે કે જેને વ્યવસ્થા વગર સમુદ્રમાં તજી દેવામાં આવ્યું હોય છે. કયી દિશામાં અને ક્યાં જવાનું છે તે તેને માલૂમ નથી હોતું. જે દિશા તરફ પવન લઇ જાય તે દિશા તરફ તે ઘસડાય છે. એ જ પ્રમાણે આળસુ મનુષ્યનું જીવન અત્યંત અનિયમિત હોય છે. તેને કોઇ જાતનો સંકલ્પ હોતો નથી, કોઇ ઉદ્દેશ હોતો નથી તેમજ તેની કોઇ પ્રકારની કાર્યપ્રણાલિકા પણ હોતી નથી. આ પ્રકારના મનુષ્યોને કદાપિ શાંતિ મળી શકતી નથી. આ સ્થિતિને કદિ પણ શાંતિનું નામ આપી શકાય: નહિ.

આથી ઊલટું, જે માણસ પુરુષાર્થ પર વિશ્વાસ રાખે છે તેનું જીવન તપાસીએ તો આપણને ઘણું જ નિયમસર લાગશે. તેના જીવનનો ઉદ્દેશ પ્રથમથી જ નિર્દિષ્ટ કરેલ હોય છે અને તે હમેશાં નિશ્ચિત માર્ગ પર ગમન કરનાર હોય છે. એ માર્ગે ગમન કરવામાં તેને ગમે તેટલી આપત્તિઓ અથવા મુશ્કેલીઓ આવે, ગમે તેટલું નુકસાન સહન કરવું પડે તો પણ એ ધીર-વીર પુરુષ પોતાના નિર્દિષ્ટ ઉદ્દેશથી લેશ માત્ર ચલિત થતો નથી. અને પોતાના માર્ગથી કદિ પણ પાછો હઠતો નથી. એ તો નિર્ભય બનીને આગળ વધ્યે જાય છે; કેમકે એ તો જાણતો જ હોય છે કે માર્ગમાં અનેક વિઘ્નો આવ્યા કરે તો પણ તેનાથી તેણે ગભરાવું જોઇએ નહિ. વિકટ સમયમાં ધૈર્ય અને સાહસ ધારણ કરવાં જોઇએ. તે સમજે છે કે મારે કાંઇ બીજું કરવાનું જ નથી, પરંતુ જે કાંઈ કરવાનું છે તે યથાશક્તિ સારું કરવું જોઇએ અને સંભવિત છે કે તેને કારણવશાત પોતાના માર્ગથી સહેજસાજ પાછો હઠવું પડે, પરંતુ તે શિઘ્રતાથી પોતાના સ્થાન પર પહોંચી જાય છે. એવું નહિ કે જ્યાં પવન લઇ જાય ત્યાં ચાલ્યો જાય. 'હું મારા નિયત સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર ક્યારે પહોંચીશ, કેવી રીતે પહોંચીશ અથવા મારા ઉદ્દેશમાં ક્યારે સફળતા મેળવીશ ' એ સર્વ વાતની તે પરવા અથવા ચિંતા કરતો નથી: તે તો પોતાનું કાર્ય કર્યે જાય છે. આટલું બધું કરવા છતાં કદાચ તેને સફળતા નથી મળતી, તેનું કાર્ય સિદ્ધ નથી થતું તો તેથી તે નિરાશ અને અધીર બની જતો નથી.

શાંત મનુષ્ય પોતાનાં સર્વ કાર્યો અત્યંત ધીરજ-પૂર્વક કરે છે, કોઇને ખ્યાલ પણ નથી આવી શકતો કે ભવિષ્યમાં તેની કેવી સ્થિતિ થશે અને તેના કાર્યનું શું પરિણામ આવશે. મનુષ્યને હમેશાં નવા નવા પ્રસંગો અને નવી નવી બુદ્ધિની સંપ્રાપ્તિ થયા કરે છે અને તેથી માણસનું કર્તવ્ય છે કે તેણે એ સર્વનો યથાશક્તિ સદુપયોગ કરવો જોઇએ.

શાંતિ એ મનુષ્યની આંતરિક સ્થિતિ છે. તેનો સંબંધ હૃદયની સાથે રહેલો છે. હૃદયમાં શાંતિ હોવી જોઇએ. બાહ્ય શાંતિને શાંતિ કહી શકાતી નથી. આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે ત્યારે બહાર ગમે તે હોય તોપણ બહારની ગરબડથી આભ્યંતર શાંતિ ઉપર લેશ પણ અસર થતી નથી. જેવી રીતે પવનની અસર માત્ર સમુદ્રની સપાટી ઉપર અથવા વધારેમાં વધારે બસો ત્રણસો ફુટ નીચે થાય છે અને તેની નીચે કોઇ પણ પ્રકારની અસર થતી નથી અને એક જ સ્થિતિ રહે છે તેવી રીતે આભ્યંતર શાંતિની સ્થિતિ હોય છે. આપણે જીવનના મહાન પ્રશ્નો ઉકેલતા હોઇએ છતાં પણ આપણા હંમેશનાં નાના નાના કાર્યોમાં અત્યંત શાંતિ ધારણ કરવી જોઇએ. જે મનુષ્ય પોતાની જાત પર અંકુશ રાખી શકે છે, પોતાની ઇંદ્રિયોનું દમન કરી શકે છે અને મન:સંયમ રાખી શકે છે તે જ મનુષ્યને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે. ઇંદ્રિયદમનનું બીજું નામ જ આભ્યંતર શાંતિ છે.

જ્યારે તમને શારીરિક ચિંતાઓ સતાવે અને તમે આપત્તિઓથી આવૃત્ત થઇ ગયા હો ત્યારે શાંતિના પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો અને અલ્પ સમય સુધી સઘળું ભૂલી જઇ શાંતિદેવીની આરાધના કરવાનો ઉપ-ક્રમ કરો. આ સમયે પણ જો સાંસારિક ચિંતાઓ અને પીડાઓ તમને દબાવી દે અને તમે એનાથી દબાઇ જાઓ તો સમજવું કે તમારાથી કોઇ પણ કાર્ય થઇ શકશે નહિ. તમે હંમેશા એનાથી દબાયેલા રહેશો અને એના પર કદિ પણ આધિપત્ય મેળવી શકશો નહિ. ચિંતા અને આપત્તિના સમયમાં શાંતિ પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય એ છે કે જે જે વાતોથી તમને ગભ-રાટ ઉત્પન્ન થાય છે તે દરેકને પૃથક્ પૃથક્ સમજવા પ્રયત્ન કરો અને તમારી સંપૂર્ણ સંકલ્પશક્તિ એના પર લગાવી દો. આમ કરવાથી તમને પ્રતીતિ થશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થવાથી સર્વ અંધકાર દૂર થઇ જાય છે તેવી રીતે તમારી સર્વ પ્રકારની મૂંઝવણનો શીઘ્ર અંત આવી જશે. તે પછી જો તમારા હૃદયમંદિરમાં શાંતિનો ચમત્કાર પ્રકાશિત થશે અને તમને નવીન શક્તિનું ભાન થવા લાગશે તો તમને સંપૂર્ણ આભ્યં-તર શાંતિની પ્રાપ્તિ થવા લાગશે; અને ત્યારે જ તમે મોટી મોટી આપત્તિઓ તથા કઠિણ પ્રસંગોની સામે વીરતાપૂર્વક નિર્ભયતાથી થઇ શકશો. કદાચ તમારી સર્વ આશાઓ અને તમારા સર્વ પ્રયાસો નિષ્ફળ જાય તો પણ તમને લેશ પણ ગભરાટ કે મૂંઝવણ થશે નહિ અને તમે એમ કહેશો કે કાંઇ હરકત નહિ. હમણાં સફળતા ન મળી તો ભવિષ્યમાં કોઇ દિવસ પણ મળશે--મળ્યા વગર રહેશે નહિ.

જ્યારે તમને જણાય કે બીજા માણસો ઇર્ષા અથવા દ્વેષભાવથી તમારી નિંદા કરે છે, તમારી ઉપર આક્ષેપો કરે છે અને તમને કોઇ પણ પ્રકારનું નુકશાન કરવા તત્પર બને છે અને એ વખતે તમને ક્રોધ વ્યાપી જાય છે ત્યારે તમારે શાંતિનો ઉપયોગ કરવો જોઇએ. તે સમયે તમારે સ્મરણમાં રાખવું જોઇએ કે જે માણસ બીજાને માટે ખાડો ખોદવા તત્પરતા બતાવે છે તેનાં પતન માટે કૂવો પોતે તૈયાર થાય છે. બીજા લોકોની સાથે નિષ્પ્રયોજન બુરાઈ કરવાવાળા મનુષ્યો પોતે જ તેનાં માઠાં ફળ ભોગવે છે. આનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુદરતનો નિયમ હોવાથી વેર વાળવાની અથવા બદલો લેવાની કશી જરૂર રહેતી નથી. અદ્યાપિપર્યંત જગતમાં કોઇ પણ મનુષ્ય એવો નથી થયો કે જેણે અન્ય માણસોની સાથે બુરાઇ કરી અને કોઇ પણ રીતે કોઇ પણ વખતે, તેને તેની બુરાઇના માઠાં ફળો ચાખવાં પડ્યાં ન હોય.

કોઇ માણસ એમ સમજતો હોય કે હું કોઇની સાથે બુરાઇ કરું તો તે મને શું કરવાનો છે? તો તેમ માનવામાં તેની મોટી ભૂલ છે. પ્રકૃતિમાં ઝીણામાં ઝીણી બાબતો પણ નિયમસર અને ધોરણસર ચાલે છે. દરેક વસ્તુનો જમા ઉધાર થાય છે અને છેવટે સર્વનો હિસાબ થઇ જાય છે. પ્રકૃતિ પોતાના ખાતેદારોના નામ દરમહિને કાઢી નાખતી નથી. જે માણસ શાંત હોય છે તેને બદલો લેવાનું કાર્ય એટલું બધું હલકું લાગે છે કે તે સ્વપ્નમાં પણ વેર લેવાનો વિચાર કરતો નથી. કોઇ તેને સતાવે છે તો પણ તે શાંતિનો જ આશરો લે છે. નહિ કે બુરાઇનો બદલો બુરાઇથી લેવાનો વિચાર કરે છે.

જ્યારે મનુષ્ય નાની નાની બાબતોમાં શાંતિનો આશરો લેતાં શીખે છે ત્યારે જ તે મોટા મોટા પ્રસંગે શાંતિ ધારણ કરી શકે છે. આવા માણસોનું કોઇ વહાલામાં વહાલું સ્વજન મૃત્યુ પામે અને એના મૃત્યુથી પોતાનું જીવન સર્વથા નિષ્ફળ થઈ ગયેલું જણાય તો પણ શાંતિ એ એક એવી વસ્તુ છે કે જેના આશ્રયથી તે સર્વ આપત્તિઓ ધૈર્યથી સહન કરી શકે છે.

સ્થૂલ દૃષ્ટિએ જોતાં ઘણે ભાગે દુષ્ટ અને નીચ મનુષ્યોનો આ સંસારમાં વિજય થતો દેખાય છે. જે લોકો અપરાધી, કપટી અથવા દુરાચારી હોય છે તેઓ આબાદ સાધનસંપન્ન દશા ભોગવતા દેખાય છે. આ પ્રકારનો દેખાવ લોકોને અવનત કરે છે અને સત્ય માર્ગથી ચલિત કરીને અનીતિના માર્ગે ઘસડી જાય છે; પરંતુ, આભ્યંતર શાંતિનો અનુભવ કરનાર માણસ પર એનો લેશ પણ પ્રભાવ પડતો નથી. જો કે તે પણ જુએ છે કે સત્યનિષ્ઠ લોકો મુશ્કેલીમાં છે અને અસત્યપરાયણ માણસો એશઆરામ ભોગવે છે, અનીતિમય જીવન વહન કરનાર લોકો નીતિમાન મનુષ્યથી આગળ વધી જાય છે. છળકપટ અને પાપાચારથી દ્રવ્યપ્રાપ્તિ થાય છે. મૂર્ખ અભણ લોકો વિદ્વાનો કરતાં અધિક લાભ મેળવે છે તો પણ તે પોતાના માર્ગથી કદિ ચ્યુત થતો નથી. આવા પ્રકારની વાતોની તેના ઉપર બિલકુલ અસર થતી નથી. તે તો પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતે કર્યે જાય છે. અને બીજા લોકો શું કરે છે અને તેઓને તેનું શું ફળ મળે છે તેની તે લેશ પણ દરકાર કરતો નથી, એવી સર્વ વાતોને તે દૈવ પર છોડી દે છે.

જ્યારે મનુષ્યને એટલે બધે દરજ્જે શાંતિ પ્રાપ્ત થાય છે કે શાંતિ તેના એક અંગરૂપ બની જાય છે, તે પોતે શાંતિમય બની જાય છે, અર્થાત્ તે જ્યાં જાય છે ત્યાં સર્વત્ર શાંતિનાં જ તેજસ્વી કિરણો પ્રસારે છે ત્યારે એટલું કહેવું જોઇએ કે તે મનુષ્યે પોતાનાં જીવનમાં સફળતા પ્રાપ્ત કરી લીધી છે. આભ્યંતર શાંતિ એવી વસ્તુ નથી કે જે સ્વતઃ મળી જાય અથવા એકદમ પ્રાપ્ત થઇ જાય. એ પ્રાપ્ત કરવા માટે અનેક ગુણોની આવશ્યકતા છે. પહેલાં તો આભ્યંતર શાંતિનું યથાર્થ સ્વરૂપ સમજવું જોઇએ.

જીવનનું તાત્પર્ય એ નથી કે ગમે તેવી રીતે તે વ્યતીત કરી દેવું. વસ્તુતઃ જીવન એક અતિ મહત્વની વસ્તુ છે, તેનો યોગ્ય આદર કરવો એ મુખ્ય કર્તવ્ય છે. આપણું જીવન આપણા માટે તેમજ બીજાની ખાતર કેવી રીતે ઉપયોગી બનાવી શકાય તે જાણવાની તેમજ શીખવાની ખાસ જરૂરિયાત છે. જ્યારે મનુષ્યમાં શાંતિનો સંચાર થઈ જાય છે ત્યારે એ દુનિયાના કલહથી દૂર થઇ સ્વકાર્યમાં મગ્ન બની જાય છે. દુનિયાના અવનવા પરિવર્તનોની અસર તેના ઉપર બિલકુલ થતી નથી. આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે મનુષ્ય પોતાના સ્વાર્થ ખાતર દુનિયાથી દૂર રહેવા મથે છે. આવા શાંતિપ્રિય મનુષ્યો તો આવા જગતના પ્રાણીયોના આનંદ અને સુખમાં પોતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ-સ્તોત્રો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ કેટલા ગ્રંથો રચ્યા હતા અને તેમાંના કેટલા કયા વિષયના અને કઇ ભાષાના છે તે વિષે કોઇ ચોક્કસ આંકડો જોવાજાણવામાં નથી. આ પરિસ્થિતિમાં આ ઉપાધ્યાયજીએ કેટલાં સ્તુતિ-સ્તોત્રો રચ્યાં હતાં તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી અત્યારે તો નિમ્નલિખિત સ્તુતિ-સ્તોત્રો એમણે રચ્યાનું જાણવા મળે છે:-

(૧) ઐન્દ્રસ્તુતિ યાને ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા

(૨) આદિજિન સ્તવન

(૩) પાર્શ્વજિન સ્તોત્ર

(૪) 'ગોડી' પાર્શ્વનાથ સ્તોત્ર

(૫) 'શંખેશ્વર' પાર્શ્વનાથ સ્તોત્ર

(૬) ''

(૭) ''

(૮) 'શમીન' પાર્શ્વનાથ સ્તોત્ર

(૯) 'સમીકા' પાર્શ્વ સ્તોત્ર

(૧૦) વીરસ્તોત્ર યાને ન્યાયખંડખાદ્ય

(૧૧) વીરસ્તવન

(૧૨) વિજયપ્રભસૂરિસ્તુતિ

**ઐન્દ્રસ્તુતિ**—'ઐન્દ્ર'થી શરૂ થતી આ ૯૬ પદ્યની કૃતિ છે કે ૯૮ કે ૯૯ની એ એક પ્રશ્ન છે. એને બાજુએ રાખતાં એમ કહી શકાય કે આ કૃતિ **શોભન-સ્તુતિના**, છંદ, યમક, અને વિષયની દૃષ્ટિએ પ્રાય: સર્વાંગીણ અનુકરણરૂપ છે. આવું અનુકરણ કરનાર તરીકે યશોવિજયગણિ અત્યાર સુધી તો અદ્વિતીય સ્થાન ભોગવે છે.

**સ્વોપજ્ઞ વિવરણ**—૧૮ જાતના છંદમાં રચાયેલી આ **ઐન્દ્રસ્તુતિ** ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં વિવરણ રચ્યું છે. એમાં કેટલીય ગહન બાબતોને સ્થાન અપાયું છે.

**ત્રણ અવચૂરિ**—**ઐન્દ્રસ્તુતિ** ઉપર ત્રણ અવચૂરિ રચાઇ છે. એ પૈકી બે અવચૂરિ માટે તો સ્વોપજ્ઞ વિવરણનો ઉપયોગ કરાયો છે. આ બે અવચૂરિ પૈકી એકના રચનાર 'આગમોદ્ધારક' આનંદસાગરસૂરિજી છે, જ્યારે ત્રીજી અવચૂરિની જેમ બીજી અવચૂરિના કર્તાનું નામ જાણવામાં નથી.

**ગુજરાતી અનુવાદ**—**ઐન્દ્રસ્તુતિ**નાં ૭૭ માંથી ૮૦મા પદ્ય એટલે કે ચાર પદ્યનો મેં કરેલો ગુજરાતી

---

આનંદ સમજે છે. તેની શાંતિ પરમ પવિત્ર હોય છે. તે કોટિના મનુષ્યો પોતાને સંસારમાં જીવન વહન કરવાની શક્તિની પ્રાપ્તિ થાય તેટલા માટે જ સંસારથી અલગ રહેવા મથન કરે છે. આવા શાંતિપ્રિય શાંત સ્વભાવના મનુષ્યો જગતમાં સર્વત્ર પ્રસરી રહેલ અશાંતિરૂપ અંધકારનો વિલય કરી શાંતિનો તેજસ્વી પ્રકાશ વિસ્તારે અને શાંતિદેવીનું ચિરસ્થાયી સામ્રાજ્ય સ્થાપે એ જ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુવાદ છપાયો છે.[1] સાંભળ્યા મુજબ **ઐન્દ્રસ્તુતિ**ના પહેલાં ચાલીસ પદ્યોનો ગુજરાતી અનુવાદ મુનિશ્રી હેમચન્દ્રવિજયે કર્યો છે, પણ એ અપ્રકાશિત છે.

**પ્રકાશનો—ઐન્દ્રસ્તુતિ** મેં સંપાદિત કરેલ અને ''આગમોદય સમિતિ'' દ્વારા ઇ.સ. ૧૯૩૦માં સચિત્ર સ્વરૂપે પ્રકાશિત **સ્તુતિચતુર્વિંશતિકા**ની આવૃત્તિમાં અન્વયાંક અને છંદોનાં નામપૂર્વક છપાવાઇ છે. વિશેષમાં આ જ આવૃત્તિમાં અજ્ઞાતકર્તૃક અને સ્વોપજ્ઞ વિવરણના આધાર વિના રચાયેલી અવચૂરિ પણ છપાયેલી છે. સ્વોપજ્ઞ વિવરણ સહિત મૂળ કૃતિ ''જૈન આત્માનંદ સભા'' તરફથી વિ. સંવત ૧૯૮૪માં છપાવાઇ છે. એમાં વિવરણને લગતા કેટલાક પાઠ ત્રુટક છે. વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ ખૂટતા પાઠ અન્ય હાથપોથીના આધારે યોજી, મુદ્રણાલય પુસ્તિકા યાર કરી એક મહાનુભાવને પ્રકાશનાર્થે એ સંસ્કરણ સોંપ્યાનું મને એમની તરફથી જાણવા મળ્યું છે. આમ જ્યારે વિવરણ સંપૂર્ણ થયું છે તો હવે એનું સત્વર પ્રકાશન થવું ઘટે. ''ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા'' તરફથી [2]મૂળ કૃતિની સાથે સાથે આગમોદ્ધારકે રચેલી અવચૂરિ વિ. સં. ૧૯૮૦માં પ્રકાશિત કરાઇ છે તો એ બે અવચુરિઓને તેમજ અપ્રસિદ્ધ અવચુરિને પણ હવે પછીના પ્રકાશનમાં સ્થાન અપાશે તો એ પ્રકાશનનું મહત્ત્વ પ્રમાણમાં વધશે. વિવરણગત અવતરણોની સૂચી આપી એના મૂળ સ્થળનો ઉલ્લેખ તો નવીન સંસ્કરણમાં કરાશે એ તો સ્વાભાવિક વાત છે, પરંતુ સંસ્કરણ વધુ ઉપયોગી અને સમૃદ્ધ બનાવવું હોય તો અન્વય, શબ્દાર્થ, ગુજરાતી અનુવાદ અને સ્પષ્ટીકરણ તેમજ વિશિષ્ટ પ્રસ્તાવનાને તથા [3]ચિત્રોને સ્થાન અપાવું જોઇએ. આ મારી સાદર સૂચનાનો અમલ થશે તો **ઐન્દ્રસ્તુતિને** અંગે વિશેષ કરવાપણું રહેશે નહિ અને એ અનુપમ સંસ્કરણની ગરજ સારશે.

(૨) **આદિજિન સ્તવન**—આ છ પદ્યની ગેય કૃતિ છે. એ દ્વારા 'પુંડરીક' ગિરિના અર્થાત્ શત્રુંજયના જિનમંદિરમાંની આદ્ય તીર્થંકર ઋષભદેવની પ્રતિમાને ઉદ્દેશીને ઋષભદેવની સ્તુતિ કરાઇ છે. આ શૃંખલા-યમકથી અલંકૃત કૃતિનાં પહેલાં પાંચે પદ્યોનાં પહેલા અને ત્રીજા ચરણોમાં ૧૮ માત્રા અને બાકીના બેમાં ૧૨ માત્રા છે. આ ઉપરથી આના છંદ ઉપર પ્રકાશ પડે છે. અંતિમ પદ્ય વસન્તતિલકામાં છે.

**ગુજરાતી અનુવાદ**—આ નાનકડી કૃતિનો મેં ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને એ છપાવાયો છે.

**પ્રકાશન**—આ **આદિજિન સ્તવન** મારા ગુજરાતી અનુવાદ સહિત મેં સંપાદિત કરેલી અને ''આગમોદય સમિતિ' તરફથી ઇ. સ. ૧૯૨૬માં પ્રકાશિત **ચતુર્વિંશતિકા**માં પૃ. ૮૨–૮૩માં છપાવાયું છે.

મૂળ કૃતિ **ગૂર્જરસાહિત્યસંગ્રહ** (પ્રથમ વિભાગ, પૃ. ૪૨૭–૪૨૮)માં તેમજ **શ્રી [4]યશોવિજય વાચક ગ્રંથસંગ્રહ**માં પત્ર ૪૯અમાં પણ છપાવાઇ છે.

**પ્રશ્ન**—પ્રસ્તુત કૃતિના અંતિમ પદ્યમાં 'વાચકપુંગવ' એવો ઉલ્લેખ છે. આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે ઉપાધ્યાયજી પોતાને માટે આવો પ્રયોગ કરે ખરા? જો તેમ ન જ હોય તો ઉપસંહારરૂપ અંતિમ પદ્ય એમના કોઈ ભક્તે-શિષ્યે રચ્યું હશે અને આગળ જતાં એને મૂળ કૃતિમાં કોઇકને હાથે સ્થાન મળી ગયું હશે.

(૩) **પાર્શ્વજિન સ્તોત્ર**-આ ૨૧ પદ્યનું 'સ્વાગતા' છંદમાં રચાયેલું અને 'ઐન્દ્ર' શબ્દથી શરૂ થતું સ્તોત્ર છે. એમાં પાર્શ્વનાથની સ્તુતિ કરાઇ છે,

૧ જુઓ મારો લેખ ''પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો'' (લેખાંક ૨) આ લેખાંક ''આત્માનંદ પ્રકાશ'' (પૃ. ૫૪, અં. ૮) માં છપાયો છે.

૨. મૂળ કૃતિ (૯૬ પદ્યો) **સ્તુતિતરંગિણી** (ભા. ૧. પૃ. ૩૫૪–૩૭૨)માં પ્રસિદ્ધ કરાઇ છે.

૩. **શોભન-સ્તુતિ** જે સચિત્ર છપાવાઈ છે તેમનાં ચિત્રોના બ્લોક મેળવાય તો સચિત્ર પ્રકાશન માટે વિશેષ ખર્ચ કરવાનો રહે નહિ.

૪. આ સંગ્રહ 'જૈન ગ્રન્થ પ્રકાશક' તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૯૮માં પ્રકાશિત કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રકાશન**-આ સ્તોત્ર ઉપર્યુક્ત **ય. વા. ગ્રં.**માં પત્ર ૪૩ અ-૪૪ આમાં અપાયું છે. પત્ર ૪૩ અમાં આ સ્તોત્ર અંગે નીચે મુજબ ઉલ્લેખ છે–

**" वाणारस्यां कृतम् "**

આ ઉલ્લેખ શા આધારે કરાયો છે તે જાણવું બાકી રહે છે. જો આ સ્તોત્ર વાણારસીમાં જ રચાયું હોય તો એ ન્યાયાચાર્યના કાશીનિવાસ દરમ્યાન રચાયું હશે અને એ વાણારસીના કોઇ સુપ્રસિદ્ધ જિનમંદિરના મૂળનાયક પાર્શ્વનાથને ઉદ્દેશીને રચાયું હશે. ગમે તેમ પણ આ સ્તોત્રનો કેટલાક **વારાસણી-પાર્શ્વનાથ-સ્તોત્ર** તરીકે નિર્દેશ કરે છે.

(૪) **'ગોડી'પાર્શ્વ સ્તવન**-આ ૧૦૮ પદ્યનું *ભિન્ન ભિન્ન છંદમાં રચાયેલું સ્તોત્ર છે. એ 'ગોડી' પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે.

**પ્રકાશન અને ત્રુટી**-આ કૃતિ **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા. ૧, પૃ. ૩૯૩-૪૦૬)માં છપાયું છે, પરંતુ એ ત્રુટક છે. એમાં શરૂઆતનાં ૬ પદ્યો, ૫૮ આથી ૬૨ મા સુધીનાં એટલે કે ૫ પદ્યો તેમજ ૬૮ માથી ૯૩ માં સુધીનાં અર્થાત્ ૨૬ પદ્યો એમ એકંદર ૩૭ (૬+૫+૨૬) પદ્યો ખૂટે છે. આ કૃતિની અન્ય કોઇ હાથપોથી મળે તેમ હોય તો તે મેળવી ખૂટતા અંશ પૂર્ણ કરાવા ઘટે.

(૫) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**-આ ૧૧૩ પદ્યોનું સ્તોત્ર જુદા જુદા આઠ છંદમાં રચાયેલું છે. આ સ્તોત્ર 'શંખેશ્વર' પાર્શ્વનાથના ગુણગાનરૂપ છે.

**પ્રકાશન**-આ સ્તોત્ર **જૈ. સ્તો. સં.** (ભા. ૧, પૃ. ૩૮૦-૩૯૨)માં છપાવાયું છે.

(૬) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**-'ઐંકાર'થી શરૂ થતું આ ૯૮ પદ્યનું સ્તોત્ર 'શંખેશ્વર'-પાર્શ્વનાથની સ્તુતિરૂપ જ છે એમ નહિ, પરંતુ એમાં જગત્કર્તૃત્વવાદનું નિરસન અને સ્યાદ્વાદનું સ્વરૂપ જેવા વિષયો પણ આલેખાયા છે. આ સ્તોત્રના છેલ્લાં બાર પદ્યો 'સ્રગ્ધરા'માં છે.

**પ્રકાશન**-આ સ્તોત્ર **ય. વા. ગ્રં.**માં પત્ર ૪૫ અ-૪૯ અમાં છપાવાયું છે.

(૭) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**-'ઐંકાર' થી શરૂ થતાં આ સ્તોત્રમાં ૩૩ પદ્યો છે. એ શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે. એ મોટે ભાગે 'ઉપજાતિ' છંદમાં રચાયું છે.

**પ્રકાશન**-આ સ્તોત્ર **ય. વા. ગ્રં.**માં પત્ર ૪૪ અ-૪૫ અમાં છપાવાયું છે.

(૮) **'શમીન' પાર્શ્વસ્તોત્ર**-આ નવ પદ્યનું સ્તોત્ર છે. એમાં 'શમીન' નામના પાર્શ્વનાથની સ્તુતિ કરાઇ છે એમ આનું અંતિમ પદ્ય જોતાં જણાય છે. **જૈન ગ્રંથાવલી** (પૃ. ૨૯૪)માં નવ પદ્યમાં રચાયેલા **'સમીન' પાર્શ્વસ્તોત્ર**નો ઉલ્લેખ છે. એ આ જ સ્તોત્ર હોવું જોઇએ. જો એમ જ હોય તો 'શમીન' નામ સાચું છે કે 'સમીન' એની તપાસ કરવી બાકી રહે છે. ઉદેપુરથી બે માઇલને અંતરે 'સમીના' ગામ છે.

**કલ્પલતિકા**—આ વૃત્તિ વિજયનેમિસૂરિજીના પટ્ટધર 'ન્યાયવાચસ્પતિ' વિજયદર્શનસૂરિજીની રચના છે. એ મૂળ કૃતિના સ્પષ્ટીકરણરૂપ છે.

**પ્રકાશન**—મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત મનસુખભાઇ ભગુભાઇ તરફથી (પ્રકાશનવર્ષના ઉલ્લેખ વિના) પ્રકાશિત કરાઇ છે. ત્યારબાદ ઇ. સ. ૧૯૨૮માં **ન્યાયપ્રભા** સાથે વિવરણપૂર્વકની મૂળ કૃતિ માણેકલાલ મનસુખભાઇએ પ્રસિદ્ધ કરી છે. આ બંને પ્રકાશનમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે, પણ અવતરણોની સૂચી વગેરે નથી. મૂળ કૃતિ **કલ્પલતિકા** સહિત બબ્બે વિભાગવાળા બે ખંડમાં એક જ વર્ષમાં વિ. સં. ૧૯૯૩માં તારાચંદ મોતીજીએ જાવાલથી છપાવી છે.

**ગુજરાતી અનુવાદ**—પ્રસ્તુત **વીરસ્તોત્ર**નો ગુજરાતી અનુવાદ છપાયેલો હોય એમ જણાતું નથી. બાકી શ્રી મગનલાલ મોતીચંદ શાહે અનુવાદ કર્યો છે, એમ એમનો જે લેખ **શ્રી યશોવિજય સ્મૃતિ-ગ્રન્થ**—(પૃ. ૧૨૧-૧૨૩)માં છપાવાયો છે તે જોતાં જણાય છે. મેં કેટલાંક પદ્યોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે, પણ અત્યારે તો એ અપ્રકાશિત છે.

* ૧૦૫ મું પદ્ય 'વૈતાલીય' છંદમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—પ્રસ્તુત કૃતિનું નામ **ન્યાયખંડખાદ્ય** કે **ન્યાયખંડનખાદ્ય** કે **ખંડનખાદ્ય** શાને આધારે પ્રચલિત બન્યું છે એવો પ્રશ્ન ઉપર્યુક્ત ત્રણ નામો પૈકી એકે નામ મૂળ કૃતિમાં કે એના સ્વોપજ્ઞ વિવરણમાં જણાતું નહિ હોવાથી ઉપસ્થિત થયો છે. **શ્રીહર્ષે ખંડનખાદ્ય** રચ્યું છે. શું એ ઉપરથી "ન્યાયખંડખાદ્ય" જેવું નામ યોજાયું હશે ?

**પ્રકાશન અને ત્રુટિ**–આ '**શમીન**' **પાર્શ્વસ્તોત્ર જૈ૰ સ્તો૰ સં૰** (પૃ. ૩૯૨–૩૯૩) માં છપાવાયું છે, પરંતુ એમાં આદ્ય પદ્ય ખૂટે છે એટલે અન્ય હાથપોથી મેળવી એ ત્રુટી દૂર કરાવી ઘટે. પ્રકાશિત ભાગ વિચારતાં સમગ્ર સ્તોત્ર 'અનુષ્ટુભ્'માં જ હશે એમ લાગે છે.

(૯) '**સમીકા**' **પાર્શ્વસ્તોત્ર**—આ નવ પદ્યનું સ્તોત્ર છે એમ **જૈ૰ ગ્રં૰** (પૃ. ૧૦૬) જોતાં જણાય છે. ઉપર્યુક્ત સ્તોત્રમાં પણ નવ જ પદ્યો છે તો એ ઉપર્યુક્ત જ સ્તોત્ર હશે એવી કલ્પના સ્ફુરે છે. આ સ્તોત્ર આ નામથી તો અપ્રકાશિત છે એટલે એ વિષે હું વિશેષ કહી શકતો નથી.

(૧૦) **વીરસ્તોત્ર યાને ન્યાયખંડખાદ્ય**—'ઐંકારજાપ'થી શરૂ થતી આ ૧૧૦ પદ્યની મહામૂલ્યશાળી કૃતિ છે. એ પાંચ પ્રકારના છંદમાં રચાયેલી છે. તેમાં વસંતતિલકા છંદ મુખ્ય છે, કેમકે પહેલાં ૯૯ પદ્યો એ છંદમાં છે. 'ઐંકાર'થી શરૂ થતા આ સ્તોત્રમાં 'શ્રમણ ભગવાન' મહાવીરસ્વામીની વાણીની–સ્યાદ્વાદની સ્તુતિ કરાઇ છે. આ સ્તોત્રમાં આત્મા અને મુક્તિ સંબંધી અજૈન દર્શનોનાં મંતવ્યોનું નિરસન કરાયું છે. આ માટે તાર્કિક શૈલી સ્વીકારાઇ છે.

**સ્વોપજ્ઞ વિવરણ**—આમાં કેટલાક [1]નવ્ય નૈયાયિકોના મતોનું ખંડન કરાયું છે.

**ન્યાયપ્રભા**—આ મૂળ તેમજ સ્વોપજ્ઞ વિવરણનાં સ્પષ્ટીકરણરૂપે 'તીર્થોદ્ધારક' **વિજયનેમિસૂરિજીએ** રચેલી મનાતી વિવૃત્તિ છે.

(૧૧) **વીરસ્તવન**—"ઐન્દં જ્યોતિ:"**થી** શરૂ થતી આ ૧૧ પદ્યની રચના ભક્તિભાવને પ્રદર્શિત કરે છે અને સાથે યોગને લગતી કેટલીક માહિતી પૂરી પાડે છે. પહેલાં દસ પદ્યો 'મન્દાક્રાન્તા' છંદમાં અને અંતિમ 'માલિની' છંદમાં રચાયેલાં છે.

**અનુવાદ**—પ્રસ્તુત સ્તવનનો મેં ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. એ હવે પછી છપાશે.

**પ્રકાશન**—મહાવીરસ્વામીની સ્તુતિરૂપ આ કૃતિ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી **માર્ગપરિશુદ્ધિ** વગેરે સહિત વિ. સં. ૨૦૦૩માં છપાવાઇ છે.

આમ આ લેખના પ્રારંભમાં નિર્દેશાયેલી અને તીર્થંકરની સ્તુતિરૂપ તમામ કૃતિનો સંક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે હવે હું એની તારવણીનો વિષય હાથ ધરું છું, પરંતુ તેમ કરવા પૂર્વે ન્યાયાચાર્યે **વિજયપ્રભસૂરિની** સ્તુતિરૂપે જે સાત પદ્યની કૃતિ રચી છે તેની નોંધ લઉં છું, કેમકે સામાન્ય રીતે જો કે સ્તુતિસ્તોત્રમાં કોઈ મુનિવરની સ્તુતિને સ્થાન ન હોય, પરંતુ સ્તુતિ, સ્તોત્ર અને સ્તવન જેવા શબ્દોનો વ્યાપક અર્થ કરતાં અને ન્યાયાચાર્યની આવી એક જ કૃતિ અત્યારે તો મળતી હોવાથી એને પણ સ્થાન હોઇ શકે.

(૧૨) **વિજયપ્રભસૂરિસ્તુતિ**—આ સાત પદ્યની કૃતિને કેટલાક 'સ્વાધ્યાય' તરીકે ઓળખાવે છે.

આ ગેય કૃતિ ભારતીય વિવિધ દર્શનોનાં કેટલાંક મંતવ્યોની ઝાંખી કરાવે છે. અને એ દૃષ્ટિએ એ મહત્ત્વની છે. એ કૃતિ ઉપર વિસ્તૃત વિવેચન થઇ શકે તેમ છે, પરંતુ અત્યાર સુધી કોઇએ એનો સામાન્ય ભાવાનુવાદ પણ કર્યો હોય અને એ પ્રસિદ્ધ થયો હોય એમ જાણવામાં નથી. મેં અનુવાદ કર્યો છે ખરો, પરંતુ એ તો છપાય ત્યારે ખરો.

**પ્રકાશન**—આ કૃતિ ત્રણ સ્થળેથી પ્રકાશિત થયેલી છે (૧) **સ્તુતિચતુર્વિંશતિકાની** મારી સંસ્કૃત

---

૧ ગંગેશ વગેરે પચાસેક નવ્ય નૈયાયિકો થયા છે. એ પૈકી ન્યાયાચાર્યે જે નવનો નિર્દેશ પોતાની કૃતિઓમાં કર્યો છે. એ તમામનો પરિચય મેં **યશોદોહનના** ઉપોદ્ઘાતમાં આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિકા (પૃ. ૧૦૫) માં, (૨) **જૈન સ્તોત્રસન્દોહ** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૮૮–૮૯)માં. અને (૩) **ગુ. સા. સં.** (વિભાગ ૧, પૃ. ૪૨૭–૪૨૮) માં.

**તારવણી**–'સમીકા' પાર્શ્વસ્તોત્ર તે જ 'શમીન' પાર્શ્વસ્તોત્ર છે કે નહિ એનો નિર્ણય કરવો બાકી રહે છે. એ પરિસ્થિતિમાં આ તારવણી પૂરતા કાર્ય માટે જો **સમીકા પાર્શ્વસ્તોત્રને 'શમીન' પાર્શ્વસ્તોત્રથી** ભિન્ન–સ્વતંત્ર ગણી હું નીચે મુજબના મુદ્દાઓ તારવું છું:–

(૧) ન્યાયાચાર્યે સંસ્કૃતમાં એકંદર [૧]બાર સ્તુતિ-સ્તોત્રો રચ્યાં છે.

(૨) બાર સ્તુતિસ્તોત્રમાં **વિજયપ્રભસૂરિસ્તુતિ** સિવાયના અગિયાર તો તીર્થંકરને અંગેનાં છે અને એ રીતે એ સ્તુતિસ્તોત્રના પ્રચલિત અર્થને અનુરૂપ છે. **વિજયપ્રભસૂરિસ્તુતિ** એ ન્યાયાચાર્યે પોતાના ગચ્છનાયકના ગુણગાનરૂપે રચેલી કૃતિ છે. આમ આ ગુરુસ્તુતિ છે.

(૩) બારે કૃતિઓ ભક્તિભાવથી ઓતપ્રોત છે. એ હિસાબે એ ભક્તિસાહિત્ય મણાય. એમાં **ઐન્દ્રસ્તુતિ અને ન્યાયખંડખાદ્ય** વિશેષતઃ આદરણીય છે.

(૪) બાર કૃતિઓ પૈકી ચાર કૃતિઓ દાર્શનિક સાહિત્યને લગતી છે. (અ) **વિજયપ્રભસૂરિસ્તુતિ,** (આ) **ઐન્દ્રસ્તુતિ** (ઇ) 'શંખેશ્વર' પાર્શ્વ જિનસ્તોત્ર અને (ઈ) **ન્યાયખંડખાદ્ય** આ ચારેમાં **ન્યાયખંડખાદ્ય** આદ્ય સ્થાન ભોગવે છે.

(૫) બારે કૃતિઓ છંદોબદ્ધ હોવાથી, ઓછેવત્તે અંશે **'ગેય'** હોય એ સ્વાભાવિક છે, પરંતુ ખાસ **'ગેય'** કૃતિ તરીકે તો **આદિજિનસ્તવન** અને **વિજયપ્રભસૂરિસ્તુતિ** એમ બેનો નિર્દેશ થઇ શકે તેમ છે.

(૬) બાર કૃતિઓ પૈકી **ઐન્દ્રસ્તુતિ** સ્વોપજ્ઞ તેમજ અન્યકર્તૃક સંસ્કૃત **વિવરણોથી** વિભૂષિત છે. આવી અન્ય કૃતિ તે **ન્યાયખંડખાદ્ય** છે. બાકીની દસ કૃતિઓ ઉપર કર્તાએ કે અન્ય કોઇએ સંસ્કૃતમાં વિવરણ રચ્યું હોય એમ જાણવામાં નથી.

(૭) બાર કૃતિઓમાંથી **આદિજિનસ્તવનને** બાજુએ રાખતાં કોઇ એકનો પણ ગુજરાતી અનુવાદ સંપૂર્ણ કરાઇ પ્રસિદ્ધ થયેલો જોવાજાણવામાં નથી. પહેલી તકે **ન્યાયખંડખાદ્ય** માટે તો આવું કાર્ય થવું ઘટે.

(૮) બે કૃતિ અપૂર્ણ છે. (અ) **'ગોડી'-પાર્શ્વસ્તવન** અને (આ) **'શમીન' પાર્શ્વસ્તોત્ર.** સંસ્કૃત સ્તુતિ સ્તોત્રોને અંગે ન્યાયાચાર્યનો ફાળો વિચારતા એમણે ઓછામાં ઓછા ૬૧૨ (૯૬+૬+૨૧+૧૦૮+૧૧૩+૯૮+૩૩+૯+૧૧૦+૧૧+૭) પદ્યો રચ્યાં છે એમ કહી શકાય તેમ છે.

(૯) બાર કૃતિઓ પૈકી 'શમીન' પાર્શ્વસ્તોત્રનું આદ્ય પદ્ય પણ 'અનુષ્ટુભ્' માં જ રચાયું હોય તો એનો ગ્રંથાગ્ર–એનું પરિમાણ નવ શ્લોક જેટલું ગણાય. બાકીની ઉપલબ્ધ તમામ કૃતિઓ માટે ગ્રંથાગ્ર કોઇ સ્થળે નોંધાયેલ હોય તેમ જાણવામાં નથી. જો ન જ હોય તો ગ્રંથાગ્ર તૈયાર તો થઇ શકે.

(૧૦) બારે કૃતિઓ પૈકી **'સમીકા' પાર્શ્વસ્તોત્ર** સિવાયની તમામ કૃતિઓ છપાવાયેલી છે ખરી, પરંતુ એને કોઇ એક જ પુસ્તકમાં સ્થાન અપાયું નથી, આથી તેમજ ન્યાયાચાર્યે રચેલી આ સ્તોત્રાવલીનો વિશિષ્ટ અભ્યાસ કરવો સુગમ થઇ પડે તે માટે ઉપલબ્ધ તમામ કૃતિઓ એક સંગ્રહરૂપે પ્રકાશિત થાય એમ હું ઇચ્છું છું. સાથે સાથે એ ઉમેરીશ કે અંતમાં સમસ્ત કૃતિઓનાં પદ્યોની અકારાદિ ક્રમે અનુક્રમણિકા અપાય તો ન્યાયાચાર્યે કે અન્ય કોઇએ એમાંથી કૃતિના નામનિર્દેશ વિના અવતરણ આપેલ હોય તેનું મૂળ સ્થળ સત્વર જાણી શકાય. આવા સંગ્રહને વિશેષ ઉપયોગી બનાવવો હોય તો તમામ કૃતિઓનો ભાવાનુવાદ પણ અપાવો જોઇએ. પ્રસ્તાવના તો હોય જ ને?

[૧] આ બારેની વિસ્તૃત માહિતી મેં **યશોદોહન**માં આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેજદ્વેષ

મગનલાલ ઠી. શાહ બાજીપુરાવાલા

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે કોઇ પણ વ્યક્તિના પતનનાં જે કારણો છે તેમાંનું અગત્યનું કારણ તેજદ્વેષ પણ છે. સંયુક્તા પૃથ્વીરાજ પ્રતિ ખૂબ આકર્ષાય, એના પરાક્રમ અને પ્રભાવથી અનુરાગ ઉપજે; અને પૃથ્વીરાજ પણ સંયુક્તાના રૂપ-લાવણ્યથી આકર્ષાય-એ આકર્ષણ ઉભયના સ્નેહમાં પરિણમે; એમાં રાજા જયચંદને અસૂયા કરવાનું શું કારણ હતું ? સ્વયંવરમાં તો કન્યા જેને વરમાળા આરોપે તે તેને પરણે, પરંતુ પૃથ્વીરાજની વધતી જતી કીર્તિ જયચંદને અસૂયાનું કારણ બની. એનું નિમિત્ત આ પ્રસંગ બન્યો. બન્ને માસીઆઈ ભાઇ હોવા છતાં બન્ને વચ્ચે ઇર્ષ્યાગ્નિ પ્રગટયો. જયચંદ પોતે પૃથ્વીરાજ સામે ટક્કર ઝીલી શકે તેમ ન હોવાને કારણે એણે પરદેશી સત્તાની સહાય શોધી. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે મોટે ભાગે જે લોકો સરખામણીમાં બીજા કરતાં નિર્બળ હોય છે તે લોકો બીજાની પ્રગતિ સહન કરી શકતા નથી. બીજાને સુખી જોઇને રાજના રેડ થઇ જવાને બદલે અસૂયાથી પીડાય છે અને છેવટે તેજદ્વેષના ભોગ બને છે-દ્વેષના વિષમજ્વરમાં સપડાય છે.

જ્યારે સામર્થ્યવાન તો સામર્થ્યવાનની પૂજા જ કરશે. એની યોગ્ય પ્રશંસા કરવાનું ચૂકશે નહિ. એને ઈર્ષ્યા કરવી પરવડે નહિ. એ એના સ્વભાવમાં પણ ન હો.

તેજદ્વેષથી ગુણગ્રાહ્ય દૃષ્ટિનો નાશ થાય છે. દૂધમાંથી પોરા કાઢવાની સંકુચિત વૃત્તિ જોર પકડે છે. એટલે જ મોટામાં મોટો ગેરલાભ એ થાય છે કે માણસનું મન વિકૃત બને છે.

પોતે બીજાનું વધતું જતું વ્યક્તિત્વ સહન કરી શકતો નથી તેમજ તેજદ્વેષ કરવાનું મન થાય છે. માનવી નબળી વસ્તુ જલ્દી ગ્રહણ કરે છે. પારકાનાં ગુણો જોવાને બદલે એનાં દોષોને પહાડ જેવા મોટા ગણે છે. પારકો ઉપકાર કરતો હોય છતાં તેના ઉપકારકવૃત્તિને ન જોતાં તેના પ્રતિ તેજદ્વેષ કેળવ્યે જ જાય છે. સામી વ્યક્તિ મહાન હોવા છતાં પોતાના ઉપકાર કર્યે જ જાય છે તો પોતાના ઉપકારી પુરુષની પ્રગતિ થતી હોય તો તેમાં આનંદ માનવો જોઇએ, પરંતુ એવું એનું સદ્ભાગ્ય ક્યાંથી હોય કે એને સવળો માર્ગ સૂઝે ? ઝૂંપડીમાં રહેતો મિત્ર મહેલમાં રહેતા પોતાના મિત્રની અદેખાઇ કરે એ શું યોગ્ય છે ? સાચો રસ્તો એ છે કે પોતાની પાસે જે છે તેમાં સંતોષ માનવો જોઇએ. તદુપરાંત સામી વ્યક્તિ આપણા કરતાં વધુ સુખી હોય તો તેને ભાગ્યશાળી સમજી તેના તે સદ્ભાગ્ય માટે પણ આનંદ માનવો જોઇએ.

અદેખાઇથી માનસ વિકૃત બને છે. લોહી ઉપર પણ તેની અસર થાય છે. આમ તન અને મન બન્ને બગડે છે. આવી પ્રવૃત્તિથી શક્તિ અને સમયનો અપવ્યય થાય છે.

તેમ છતાં મોટું નુકશાન તો એ થાય છે કે પોતે પોતાની શક્તિ અને સમય પોતાની પ્રગતિ માટે ખર્ચવી જોઇએ તેનું એને ભાન સુદ્ધાં રહેતું નથી. પોતાના પગ કેવા મજબૂત અને સ્થિર છે એ જોવું નથી પણ પારકો કેમ દોડે છે એની એને ચિંતા છે.

કેટલાય નસકોરાં એવા હશે કે જે ધૂપસળી સળગે ત્યારે તેની સુગંધ નહિ માણી શકતા હોય, કેટલાય ભવિ જીવોની શુભ પ્રવૃત્તિઓ બીજાને દ્વેષનું કારણ બનતી હશે. કારણકે એમને કોઇનું ભલું કરવું નથી તેમ કોઇ બીજાનું ભલું કરે તે તેમને ગમતું પણ નથી. આ પણ એક પ્રકારનો તેજદ્વેષ જ છે ને ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાગડો કોયલનો મધુર પંચમસ્વર સાંભળી તેનો દ્વેષ કરે તેમાં ગુમાવવાનું કોણે ?

દુર્જન પુરુષ સાધુપુરુષની યશકીર્તિ જોઈ મનમાં ખૂબ બળે તો તેમાં ગુમાવવાનું કોણે ?

શંખણી સાધ્વીશ્રીની કીર્તિસુવાસથી કોપિત બને એમાં ગુમાવવાનું કોણે ?

પંગૂ સુદૃઢ પગવાળાને જોઇને મનમાં ખૂબ જ જલે એમાં ગુમાવવાનું કોણે ?

બ્હેરો સુંદર કર્ણવાળાને જોઇને–તેને સંગીતની મજા માણતો જોઇને મનમાં ને મનમાં જ સળગી ઊઠે એમાં ગુમાવવાનું કોણે ?

આંધળો દેખતાને જોઇને દાઝે એમાં ગુમાવવાનું કોણે ?

આ બાબતોનો સુયોગ્ય વિચાર કરવામાં આવે તો જરૂર સમજાશે કે તેજદ્વેષ એ નબળાઇની નિશાની છે; એટલું જ નહિ પણ તેજદ્વેષ કરનારને તો એમાં ભારોભાર નુકશાન સહન કરવાનું છે.

નરસિંહ મહેતા જેવા ભક્તની સૌરભ ઠેર ઠેર પ્રસરતી જોઇ એમનાં જ્ઞાતિના સનાતની વિચારવાળાઓ કેવો દ્વેષ કરતા હતા ?

આનંદઘનજી પ્રતિ વધતું જતું બહુમાન જોઈ તે સમયના બીજા સાધુમહારાજો એમનું ફટકી ગયું છે એમ કહીને કેટલી હાંસી ઉડાવતા હતા ? શું આજે સમાજ પેલા ફટકી ગયું કહેનારાઓને યાદ કરે છે કે આનંદઘનજીને ?

દરેક ધર્મપ્રચારક કે સંસ્થાપકની સામે તેજદ્વેષ કેળવી તેને હેરાન કરવાની કયારેય અછત જણાઇ નથી.

સોક્રેટીસને કયા ગુન્હા ખાતર ઝેર પીવું પડયું.

મીરાંને શા માટે ઝેર પીવું પડયું ?

નિત્શેને કયા ગુન્હા ખાતર દીવાનાશાળામાં ધકેલવામાં આવ્યો ?

સીતાને રામ જેવા રાજવીએ કયા ગુન્હા ખાતર આગમાં ઉતારી ?

ગાંધીજીને કયા ગુન્હા ખાતર ગોડસેએ ગોળીયા દાર કર્યા ?

ગુરુ ગોવીંદસિંહના બે નાનાં બાળકોને શા માટે દિવાલમાં જીવતા ચણી દેવામાં આવ્યા ?

આ બધાનું મૂળ કારણ તેજદ્વેષ નથી શું ?

રાજકારણમાં પણ એમ જ સમજવું. ત્યાં પણ કોઇની પ્રગતિ અન્ય કોઈથી સહન થઈ શકતી નથી.

જીવનમાં દરેક ક્ષેત્રે તેજદ્વેષી તો હોય છે જ.

એક વેપારી બીજા વેપારીનો વધતો જતો વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે જામતી પ્રતિષ્ઠા જોઇને મનમાં ખૂબ બળે છે. તેનું વાટવાને માટે કાવાદાવા રચવાની, તેમજ અનેક અફવાઓ વહેતી મૂકવાની એક પણ તક જતી કરતો નથી.

જે તેજદ્વેષી છે એનામાં સાચી ખેલદીલી હોતી નથી.

જે તેજદ્વેષી છે તે પૂર્વગ્રહથી પીડાતો હોય છે.

જે તેજદ્વેષી છે તે નિર્બળ મનનો છે.

જે તેજદ્વેષી છે તે મિથ્યા બકવાદ કર્યા સિવાય બીજું કાંઈ પ્રાપ્ત કરી શકતો નથી.

હા, ખરાબ કરવાની કળા તેને જરૂર પ્રાપ્ત થાય છે.

તેજદ્વેષી આંધળો છે. પારકાનું વ્યકિતત્વ વધતું હોય તેમાં એને પોતાનું વ્યકિતત્વ ઘટે છે એમ લાગે છે. પારકાની પ્રતિષ્ઠા વધે એમાં પોતાની પ્રતિષ્ઠા ઘટે છે એમ માનવું એ નરી મૂર્ખાઈ છે. હાથે કરીને પોતાની પ્રતિષ્ઠા ઘટાડવાની એને કુબુદ્ધિ સૂઝે છે. પ્રતિષ્ઠાનું વધવું યા ઘટવું એ તો માણસની સારી યા નરસી પ્રવૃત્તિ ઉપર આધાર રાખે છે. શું કાદવથી ખરડાએલા હાથે સ્વચ્છતાનું કાર્ય થઈ શકે ખરું ? લોહીથી ખરડાએલા હાથે પુણ્ય કાર્ય થઈ શકે ખરું ? તેમ પારકાને ઉતારી પાડવા માટે હીણપતભરી પ્રવૃત્તિ આદરવાથી પોતાની પ્રતિષ્ઠા જામે ખરી ? દેખતાં છતાં આંધળાનો એક નમૂનો તેજદ્વેષી છે, એમાં જરા પણ અતિશયોક્તિ નથી.

તેજદ્વેષ એ કષાય છે. કષાય એટલે જ સંસાર. એટલે જ કષાય કર્મબંધનું એક કારણ છે. તેથી જ ભવિ જીવોએ તેજદ્વેષને પરિહરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# અનાથના નાથ નહિ બનો ?

મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

દેવ ! હું નિર્ધન છું. વિશ્વના માનવો કાજે મંદિર બંધાવી શકું એવી મારી શક્તિ નથી, એટલું મારી પાસે દ્રવ્ય નથી. મારા અકિંચનના હૈયાને જ હું મંદિરમાં ફેરવી નાખું, તો આપ એમાં નહિ પધારો ?

કરુણાસાગર ! આ પ્રદેશમાં પવિત્ર જળ તો ક્યાંય છે નહિ, અને જે છે તે તો લોકેષણાના વેગથી ડહોળું થઈ ગયેલું છે. ધ્યાનના સરોવરમાં સ્નાન કરીને આપની નિકટમાં આવું, તો હું નિર્મળ નહિ ગણાઉં ?

આનંદસાગર ! કુસુમ તો ઉપવનમાં મળે, હું તો આજે રણમાં વસું છું. કુસુમવિહોણા આ પ્રદેશમાં હું ખાલી હાથે ભાવનાનું કુસુમ લઈને આવું, તો મારી પુષ્પપૂજા આપ નહિ માન્ય કરો ?

અશરણશરણ ! નૈવેદ્ય અકિંચન પાસે ક્યાંથી હોય ? મારા તુચ્છ એવા જીવનમાં સત્ત્વરૂપી નૈવેદ્યને આપના પુનિત ચરણકમલોમાં ધરું, તો દયાદૃષ્ટિથી આપ એને નહિ નિહાળો ?

દયાસિન્ધો ! મણકો નથી ત્યાં માળા કેમ સંભવે ? હા, આજ તો મનની માળા બનાવી શ્વાસોચ્છ્વાસના મણકા પર આપના પવિત્ર જાપ કરી લઉં છું. આપ એ માળાવિહોણા જાપનું મધુર સ્મિતથી સ્વાગત નહિ કરો ?

નાથ ! માનવજીવનની દર્દકથાએ મારા ગીતને વિષાદગીત બનાવી મૂક્યું છે. આંસુથી ધોવાયેલા એ વિષાદગીતને આપ મંગળ તરીકે નહિ સ્વીકારો ?

બોલો, મારા નાથ ! બોલો. આપ તો કૃપાળુ કહેવાયા છો, અનાથોના નાથ કહેવાયા છો, તો આ અનાથના નાથ નહિ બનો ?

મુદ્રક અને પ્રકાશક :– હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only